વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સાતફેરા સમુહ યોજનાની અરજીમાં જ કુંવરબાઈનું મામેરુ યોજનાની સહાય મળવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:SJED/AWA/e-file/17/2024/0914/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪/૦૬/૨૦૨૪

**વંચાણે લીધાઃ-**

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,(સમાજ કલ્યાણ પ્રભાગ)નો તા.૨૦/૧૦/૧૯૯૫ નો ઠરાવ ક્ર.:એસ.સી.ડબલ્યુ./૧૦૯૧/૯૭૫(૯૫)૨/જ.
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૪/૧૯૯૮નો ઠરાવ ક્ર.:પરચ/ ૧૦૯૮/૮૭૪/ગ.
(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૨-૦૪-૨૦૨૪નો પત્રક્રમાંક:વિજાક/વ્ય.યોજના/ ૨૦૨૪-૨૫/૧૬૨.

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તથા વખતોવખતના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને લગ્ન પ્રસંગે મામેરા માટે થતાં ખર્ચને પહોંચી વળવા માટે કુંવરબાઈનું મામેરુ યોજના અમલમાં છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તથા વખતોવખતના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગોના લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં પછાત વર્ગોના લોકો દ્વારા દેખાદેખીથી બિનજરૂરી ખર્ચ નિવારી આર્થિક વિકાસ સાધી શકે તે માટે સમુહ લગ્નમાં ભાગ લેનાર યુગલોને પ્રોત્સાહક પુરસ્કાર રૂપે નાણાકીય સહાય આપવા માટે સાતફેરા સમુહ યોજના અમલમાં છે. જે અંતર્ગત નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉપર વંચાણે લીધા ક્રમાંક (૩)ના પત્રથી "ઈ-સમાજ કલ્યાણ" પોર્ટલ લાભાર્થી દ્વારા સાતફેરા સમુહલગ્ન યોજનાનું ફોર્મ ભર્યેથી "સાતફેરા સમુહલગ્ન યોજના" અને "કુંવરબાઈનું મામેરુ યોજના"નો લાભ એક જ અરજીથી મળી રહે તેની મંજુરી અર્થે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે લાભાર્થી દ્વારા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા અમલિત સાતફેરા સમૂહલગ્ન યોજના અંતર્ગત "ઈ-સમાજ કલ્યાણ" પર અરજી કર્યેથી લાભાર્થીઓને "સાતફેરા સમૂહલગ્ન યોજના" અને "કુંવરબાઈનું મામેરુ યોજના" આમ, બંને યોજનાઓની સહાય આપવા આથી મંજુરી આપવામાં આવે છે.આ ઉપરાંત જે કન્યાઓ સમુહ લગ્નમાં ન જોડાય તે કન્યાઓએ

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Jun-2024 (06:09 PM)

કુંવરબાઈનું મામેરુ યોજના અંતર્ગત સહાય મેળવવા "ઈ-સમાજ કલ્યાણ" પોર્ટલ પર અલગથી અરજી કરવાની રહેશે.

ઉક્ત યોજનાઓની અગાઉ ઠરાવવામાં આવેલ અન્ય શરતો તેમજ બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગના સમાનાંકી ફાઈલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૦૬/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Jun-2024 (06:09 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૪.